# આ.કૃ.યુ. વસો કેમ્પસ ખાતે યોજાયેલ તિરંગા રેલી

કૃષિ મહાવિદ્યાલય-વ-કૃષિ પોલીટેકનીક, આ.કૃ.યુ., વસો ખાતે તા. ૧૦/૦૮/૨૦૨૨ના રોજ આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ભાગરૂપે "હર ઘર તિરંગા" અભિયાનને વેગવંતુ બનાવવા તેમજ સામાન્ય જનને ભારતના સ્વાભિમાન સમા તિરંગાને ઘર લાવી પોતાના ઘર પર ફરકવાનો સંદેશ આપવા માટે તિરંગા રેલીનું આયોજન કરવામાં આવેલ. આ રેલીમાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, સહાયક સ્ટાફ, અને કોલેજનાં ખેત મજુરોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ પ્રસંગે કોલેજનાં આચાર્યશ્રી, ડૉ. વી. પી. રામાણી દ્વારા રેલીમાં ભાગ લેનાર તમામને ભારત અને ગુજરાત સરકાર દ્વારા આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ઉજવાતા વિવિધ કાર્યક્રમોની માહિતી આપવામાં આવી તથા તા. ૧૩/૦૮/૨૦૨૨ થી તા. ૧૫/૦૮/૨૦૨૨ દરમિયાન દરેકને પોતાના ઘર પર તિરંગો ફરકાવવા નમ્ર અરજ કરેલ. વસો કેમ્પસના તમામ સભ્યોને પોતાના ઘર પર ફરકાવવા માટે રાષ્ટ્રધ્વજ મળી રહે તેનું પણ આયોજન કરવામાં આવેલ હતું.





